

# Peace of Mind

**May - 2022**

**Peace of Mind Foundation**
'Abhavalay',Vinayak Vatika, Opp. Madhapar bus stop, Jamnager Road, Rajkot-360006. Gujarat , India.
Mobile : # +91 9427366164 mail: pomyc.org@gmail.com Website: www.pomyc.org




### તા. ૨૯ માર્ચ – ૧ એપ્રિલ ૨૦૨૨

## સંબોધી ઉપવનમાં શુભકરણજી મહારાજની પ્રથમ પુણ્ય તિથિ

રાજસ્થાનના ઉદયપુર અજમેર હાઈવે પર આવેલ રમણીય ધ્યાન તીર્થ સંબોધી ઉપવનમાં પ્રવચન આપતા સમણ શ્રુતપ્રજ્ઞજીએ કહ્યું કે, 'આ સંત ભાગ્યશાળી હતા કે સંસારી ચિત્તથી બચી ગયા. બાળવૃત્તિ સમાન નિર્દોષ ચિત્ત હતું. આ સંતને ના કોઈ મંદિરથી મતલબ હતો, ન કોઈ સમાધિથી. આવા સંતો હજારો વર્ષો પછી જન્મ લે છે, જિંદગીમાં આ સંતે કોઈના પ્રત્યે કોઈ જાતનો દુર્ભાવ નથી રાખ્યો, સૌ પ્રત્યે આશીર્વાદની દષ્ટિ જ રાખી છે. સાધના જ એમની જીવન શૈલી હતી, મૌન જ એમનો ઉપદેશ હતો, એકાંત જ એમનો વૈભવ હતો. આમ એકાંત, મૌન અને ધ્યાનની ત્રિવેણી એમની આજુબાજુ વહેતી હતી.'

આ અવસરે સૂરજકુંડ આશ્રમના અને રાજસ્થાનના વિખ્યાત સંત શ્રી અવધેશાનંદજીએ પણ સૌને આશીર્વાદ આપ્યા હતા. આ ઉપરાંત વસંતિલાલ બાબેલ, ભંવરલાલ પગારિયાજી, દશોરાજી, આશાજી વગેરે પોતાના વિચારો પ્રસ્તુત કર્યા હતા. શ્રીમતી મોહનીબાઈએ સૌને ધ્યાનાભ્યાસ કરાવ્યો હતો. અધ્યક્ષ શ્રી મુકેશજી કચ્છારાએ સૌનો પરિચય આપી સ્વાગત કર્યું હતું. સંચાલન ચતુરજી કોઠારીએ કર્યું હતું.

### તા. ૭–૧૫ એપ્રિલ ૨૦૨૨

## જમશેદપુરમાં પ્રથમ વખત સમણ શ્રુતપ્રજ્ઞજીનું આગમન

આયંબિલ ઓળી એ જૈન ધર્મની આરાધનામાં શાશ્વતુ પર્વ છે. આ આયંબિલ તપથી આહાર સંજ્ઞાનાં અનાદીના અશુભ સંસ્કારો તૂટે છે. અહીં બિસ્ટૂપુર કામાણી ઉપાશ્રયમાં સમણજીનું રહેવાનું થયું અને નવેનવ દિવસ સવારે અને બપોરે પ્રવચનોનાં માધ્યમથી જ્ઞાનની ધારા વહી. બપોરના સંચિત કર્મો કેમ તોડવા એના માટે બાર પ્રકારો પર વિસ્તારથી પ્રવચનો થયા.

આયંબિલ ઓળીમાં ચૈત્રી તેરસના દિવસે મહાવીર જન્મ કલ્યાણક ઉજવવામાં આવ્યો. શોભા યાત્રા નીકાળવામાં આવી, લોકો ઉત્સાહથી જોડાયા. પાઠશાળાના બાળકોને સાંસ્કૃતિક કાર્યક્રમો પ્રસ્તુત કર્યા હતા અને કાર્યકર બહેનોએ એ માટે ખૂબ જહેમત ઉઠાવી હતી. સમણજીએ મહાવીર પ્રભુના અવદાનોની ચર્ચા કરી હતી.

લોકોએ પોતાનો પ્રતિભાવ વ્યક્ત કરતા કહ્યું કે અમારા માટે તો જાણે પર્યુષણ પર્વ આવ્યા એવો અહોભાવ જાગ્યો, ઘણા વર્ષો પછી એમને આદરણીય સમણજીનો લાભ મળ્યો છે. એમને જટિલ જ્ઞાનને સરળ અને પ્રાયોગિક ભાષામાં પીરસ્યું હતું. એમના મુખે પ્રભુ મહાવીરની વાણી સાંભળવી અમારા માટે એક લ્હાવો હતો. ભારતીબેન અને ભરત ભાઈ મડિયા એમના આ કાર્યક્રમ યોજવામાં નિમિત્ત બન્યા હતા. સમણજીએ રોજે દરેકના ઘરે ધર્મ લાભ અને ગૌચરીનો લાભ આપ્યો. અનેક પરિવારોમાં ધર્મ ભાવના વધી. સમણજી સાથે પૂરી યાત્રામાં રાજકોટથી જેસંગભાઈ ઈડા સેવામાં સાથે રહ્યા હતા.





તા. ૨૭ એપ્રિલ ૨૦૨૨, સ્થાનઃ પુરુષાર્થ સ્કૂલ, ભાણવડ

# પુરુષાર્થ સ્કૂલમાં સ્માર્ટ ક્લાસનું અનાવરણ





પૂજ્ય ભાઈશ્રી અને સમણજી દ્વારા ૧૯ સ્માર્ટ ક્લાસ રૂમનું અનાવરણ પુરુષાર્થ સ્કૂલમાં કરવામાં આવ્યું હતું. પૂજ્ય સમણશ્રીની પ્રેરણાથી આદરણીય પારુલ બેન અને મુકેશભાઈ કામદાર, ઓસ્ટિન, ટેક્સાસ( અમેરિકા) નિવાસીએ ઉદારતાથી વિદ્યાર્થીઓના શ્રેષ્ઠ શિક્ષણ માટે બધા જ ક્લાસરૂમમાં સ્માર્ટ ટીવી લગાવવાનો લાભ લીધો હતો. આ દાતાઓ એક મહિના પહેલા જ સમણજીના દર્શનાર્થે તપોવન આવ્યા હતા.

સ્માર્ટ ક્લાસ રૂમમાં અનાવરણ વિધિ વખતે ભાઈશ્રી સાથે પલાણ દાદાની પણ વિશેષ ઉપસ્થિતિ રહી હતી. ભાઈશ્રીએ પુરુષાર્થ અને તપોવન સંસ્થા પરિસરનું નિરીક્ષણ કર્યું હતું અને શિક્ષકોને પ્રેરણા પ્રદાન કરી હતી. ભીમસીભાઈએ અને એમની ટીમે સૌ મહેમાનોનું ભાવભર્યું સ્વાગત કર્યું હતું.

તા. ૨૮ એપ્રિલ
સ્થળઃ પુરુષાર્થ સ્કૂલ, ભાણવડ ( દેવભૂમિ દ્વારકા )



# વિપશ્યના શિબિરમાં જતા પહેલાં સમણજી દ્વારા પુરુષાર્થ સ્કૂલના શિક્ષકો માટે ધ્યાનનો માર્ગદર્શક સેમિનાર

દર વર્ષે પુરુષાર્થ સ્કૂલના શિક્ષકોને વિશેષ પ્રશિક્ષણ આપવા માટે શિબિરનું આયોજન થાય છે. આ વખતે ભીમસીભાઈની પ્રેરણાથી પુરુષાર્થ સ્કુલનાં બધા જ શિક્ષકો મે મહિનામાં વિપશ્યના શિબિરમાં જવાના છે. લગભગ શિક્ષકો માટે આ પહેલી શિબિર હશે એટલે શિબિરમાં જતા પહેલાં સમણ શ્રુતપ્રજ્ઞજી દ્વારા વિશેષ માર્ગદર્શન આપવામાં આવ્યું અને એમને કહ્યું કે પુરી નિષ્ઠા સાથે જાગૃતિ પૂર્વક શિબિર ભરજો અને પોતાની બધી જ માન્યતાઓને ૧૦ દિવસ માટે ઘેર મૂકીને જજો. આ સાથે સમણજીએ આનાપાન ધ્યાનનો અભ્યાસ પણ કરાવ્યો હતો. સેમિનાર પછી શિક્ષકોના પ્રશ્નોનું સમાધાન કરવામાં આવ્યું અને વેકેશનમાં રવાના થતા દરેક શિક્ષકોને રૂમાલ અને સાકર પ્રસાદ તરીકે આપી ભાવભીની વિદાય પણ આપવામાં આવી. શિક્ષકોની ક્રમશઃ વિપશ્યના શિબિરો પ્રારંભ થઇ ચૂકી છે.




Alng



Ambala


Palitana


Lokbharati
Sanosara

### ૧ – ૩ એપ્રિલ ૨૦૨૨

## સમણજીની નિશ્રામાં તપોવનના બાળકોનો ત્રિદિવસીય સૌરાષ્ટ્ર પ્રવાસ

(લોકભારતી, દક્ષિણામૂર્તિ – આંબલા, પાલીતાણા અને અલંગની યાત્રા )

ગ્રુપ : પૂજ્ય સમણ શ્રી શ્રુતપ્રજ્ઞજી, પુરુષાર્થના નિયામક શ્રી ભીમશીભાઈ કરમૂર, તપોવનનાં નિર્દેશક શ્રી હાર્દિકભાઈ અને તપોવન વિશ્વવિદ્યાલય ઘુમલીના વિદ્યાર્થીઓ અને રાજકોટથી જેસંગભાઈ ઈડા.

સ્થળ : લોકભારતી – સણોસરા, દક્ષિણામૂર્તિ – આંબલા, જૈન તીર્થ – પાલીતાણા અને અલંગ.

સહયોગ : વિશાલ ભાદાણી અને સંસ્થાના ટ્રસ્ટીશ્રીઓ, મુકેશ ભાઈ અને શિક્ષકો, મુનિશ્રી પ્રિયંકર મહારાજ અને ડી બી પટેલ હોસ્ટેલ, આટકોટ.

વિશેષ : લોક ભારતીમાં મોજીલા શિક્ષણની મોજ માણી હતી. દક્ષિણામૂર્તિ આમલામાં પરીક્ષામાં પણ બાળકોને ઊર્જાવાન અને પ્રસન્ન જોયા હતા. પાલીતાણામાં દાદા આદેશ્વરના દર્શન અને સેવા ભક્તિ કરી હતી. અલંગમાં જૂની સ્ટીમરને કેવી રીતે તોડે છે અને એ માલ બજારમાં કેવી રીતે વેચાય છે એ પ્રક્રિયા નિહાળી હતી.




## એપ્રિલ ૫,૨૦૨૨

# સીનીયર સિટીઝન જૈન્સમાં સમણજીનું ઉદબોધન

સીનીયર સિટીઝન જૈન્સનાં આમંત્રણ પર પૂજ્ય સમણ શ્રુતપ્રજ્ઞજીએ વૃદ્ધાવસ્થાનો વૈભવ વિષય પર પ્રેરક પ્રવચન આપતાં કહ્યું હતું કે, ‘‘સંપત્તિ વૈભવ છે પણ સંપ, શાંતિ અને સંસ્કાર એ મોટા વૈભવ છે. માણસ સંપત્તિ પાછળ આંધળી દોટ મુકવાના કારણે જીવનના બહુમૂલ્ય વૈભવને ચૂકી જાય છે. સમણજીએ એ પણ કહ્યું કે પોતાની આત્માને ઓળખવા જેવો બીજો કોઈ શ્રેષ્ઠ વૈભવ નથી. નિવૃત્તિનો અર્થ જ છે કે હવે બધી જવાબદારીઓ છોડી આત્મામાં ઠરવું અને ઠહેરાવું.’’ શ્રોતાઓ દ્વારા પૂછાયેલા પ્રશ્નોનું સમણ શ્રુતપ્રજ્ઞજી દ્વારા સમાધાન કરવામાં આવ્યું હતું. હરસુખભાઈ તંબોલીએ સમણજીનું ભાવભીનું અભિવાદન કર્યું હતું.





## તા. ૨૬-૨૭ એપ્રિલ ૨૦૨૨

# પુરુષાર્થ સ્કૂલની વાલી મિટિંગમાં સમણજીનું ઉદબોધન

સ્થાન : પુરુષાર્થ એજ્યુકેશન સિસ્ટમ, ભાણવડ

ઉપસ્થિતિ : સમણજી, ભીમસીભાઈ, કુશાલ ભાઈ, અશોક ભાઈ

વિષય : ૧૦૦ થી વધુ દીકરીઓ અને એમના વાલીઓની ઉપસ્થિતિ..૧૦૦ દીકરીઓને શિક્ષણ માટે નિઃશુલ્ક છાત્રાલયમાં પ્રવેશ પર ચર્ચા. પુરુષાર્થ સ્કૂલ હવે કોમર્શિયલમાંથી સોશ્યલ સર્વિસ તરફ આગળ વધી રહી છે. સમાજના ઉદાર દાતાઓ દ્વારા આ દીકરીઓને શિષ્યવૃત્તિ આપવામાં આવશે. બીજા દિવસે સો વાલીના ઈન્ટરવ્યૂ લેવામાં આવ્યા.  સમણ શ્રુતપ્રજ્ઞજીએ પ્રેરક વકતવ્ય આપ્યું. ભીમસીભાઈએ વ્યસન મુક્તિ અને અનિવાર્ય નિયમોની ચર્ચા કરી. દીકરીઓ અને વાલીઓમાં વિશેષ ઉત્સાહ જોવા મળ્યો.





# સ્કોલરશીપ અને અન્ય સેવાકીય પ્રવૃત્તિઓ

પીસ ઓફ માઈન્ડ ફાઉન્ડેશન રાજકોટ છેલ્લા ૧૫ વર્ષથી આધ્યાત્મિકતાની સાથે શૈક્ષણિક અને સામાજિક સેવાનું કાર્ય પૂરી નિષ્ઠાથી કરી રહ્યું છે. આ વર્ષે પુરુષાર્થ સ્કૂલ, ભાણવડની ૫૦ દીકરીઓને, દરેક દીકરી દીઠ રૂપિયા ૨૦,૦૦૦ ની શિષ્યવૃત્તિ સંસ્થાને એનાયત કરવામાં આવી.

આ ઉપરાંત રાજકોટમાં અને આજુ બાજુના વિસ્તારના બાળકોને પણ શિષ્યવૃત્તિ એનાયત કરવામાં આવી. આ વર્ષે જેમને શિષ્ય વૃત્તિ આપવામાં આવી એમની વિગત નીચે પ્રમાણે છે..



ગુંજન એમ. નાનેરા


ક્રિશ્ના પી. ગોરાણીયા


અંજીલા જે. નોટીયા


ગઈંઉઇંઈં છ. ખઘછ્ઈં


મીતા એન. ગાગલીયા


વિધિ પી. જોષી


પાયલ એચ. પીપરોતર


તેજલ આર. કરવાદરા


સાક્ષી એસ. રાઠોડ


મયુરી બી. કરમુર


અલ્પા ખુંટ


આનંદી ગઢવી


અર્જુન ગોજીઆ


આરતી ગઢવી


બંશી ચાવડા


હીર બેરા



ભાવિક રાજ્યાણી


દર્શન ગોંડલીયા


દેવાંશી જોષી


ધર્મિષ્ઠા પીપરોતર


દિપાલી સોલંકી


હિરવા ભીંભા


હિતેશ્વ પીપરોતર


ફેની દોશી


આર્વી દોશી



જિનાલ કારગીંઆ



વિશ્વા કારગીંઆ



શ્રુતિ કારગીંઆ



શાંતિ કોડીયાતર



મહેંક ભારવાડીયા



મહેંક પીઢીયા



મિલન



મીરા કરમુર



મીરલ એસ.



નંદના ગોગલીયા



નેહા સોડેદરા



નિધિ ઓડેદરા



પાયલ લુણાવીયા



પાયલ પીપરોતર



રાજલ મુદીસા



રુષિકા કુરમુર



સાબિર અબ્દુલ્લા



સાક્ષી કુરમુર



રવિ શેખડા



શ્યામ ઓમ



તુલસી મેરામણભાઈ



યશ્વી અંબાલીયા

પીસ ઓફ માઈન્ડ ફાઉન્ડેશન રાજકોટ છેલ્લા ૧૫ વર્ષથી આધ્યાત્મિકતાની સાથે શૈક્ષણિક અને સામાજિક સેવાનું કાર્ય પૂરી નિષ્ઠાથી કરી રહ્યું છે. આ વર્ષે પુરુષાર્થ સ્કૂલ, ભાણવડની ૫૦ દીકરીઓને, દરેક દીકરી દીઠ રૂપિયા ૨૦,૦૦૦ ની શિષ્યવૃત્તિ સંસ્થાને એનાયત કરવામાં આવી. આ ઉપરાંત રાજકોટમાં અને આજુ બાજુના વિસ્તારના બાળકોને પણ શિષ્યવૃત્તિ એનાયત કરવામાં આવી. આ વર્ષે જેમને શિષ્ય વૃત્તિ આપવામાં આવી એમની વિગત નીચે પ્રમાણે છે..

૧. દીપિકા સતીષ વર્માઃ મેમ્ફિસ, USA
૨. વિપિન ભાવસાર, આયોવા, USA
૩. નૂતન હરેશ શાહ, શિકાગો USA
૪. પારુલ મુકેશ કામદાર, ઓસ્ટિન, USA
૫. નીતા જલદીપ દેસાઈ, લાસ વેગાસ, USA
૬. વર્ષા ભાવસાર, ન્યુ જર્સી, US
૭. ભારતી કૌશિક પરીખ, ટેનેસી, US
૮. કુસુમ મહેન્દ્ર શાહ, શિકાગો, US
૯. અરવિંદ શાહ, શિકાગો, US
૧૦. ચંચલા અશોક શાહ, ગ્રીનવિલ, US
૧૧. સોનલ મનીષ શાહ, સિંગાપુર
૧૨. હેમંત કોઠારી, મુંબઈ
૧૩. ઋતુ સંજય મોહનોત, સિંગાપુર
૧૪. ગીતા શાહ, શિકાગો
૧૫. વિજય સુરપુરિયા, મેમ્ફીસ, US
૧૬. લતા રમણિક ઝોટા, રાલે, US
૧૭. કીર્તિબાલા શાહ, શિકાગો
૧૮. મિનલ જયંત શાહ, શિકાગો
૧૯. ચવલા સુજલ શાહ, શિકાગો
૨૦. સુધા રાજેશ શાહ, USA
૨૧. દીપાલી મિનેશ અમીન,શિકાગો
૨૨. જગદીશ શાહ પરિવાર, શિકાગો
૨૩. હિના દીપક શાહ, શિકાગો
૨૪.સુશીલા ભક્તા, USA
૨૫. પ્રફુલ્લ ભક્તા, USA
૨૬. તરૂણા દામાણી, સિનસિનાટી
૨૭. કલ્પના અશ્વિન પારેખ, સિનસિનાટી
૨૮. પૂર્ણિમા બિપીન શાહ, સિનસિનાટી
૨૯. વિલાસ અશ્વિન શાહ, સિનસિનાટી
૩૦. ઈન્દીરા હરીન ભાયાણી, ફ્રીમોન્ટ, CA
૩૧. કીર્તિદા કિરીટ બાવીસી, ફ્રિમોન્ટ, CA
૩૨. મેહલ નિલેશ શાહ, શિકાગો
૩૩.બીના નિલેશ શાહ, શિકાગો
૩૪. સ્મિતા પિયુષ ગાંધી, શિકાગો
૩૫. હંસા કીર્તિ શાહ, શિકાગો
૩૬. મીનલ જયંત શાહ, શિકાગો
૩૭. મનહર શાહ, CA, USA
૩૮. અવનિ મુકેશ શાહ, ફ્રીમોંટ,CA
૩૯. દીપ્તિ કૈશલ દલાલ, CA, USA
૪૦. અજિતા સંદેસરા, CA, USA
૪૧. દર્શના રાજેશ શાહ, શિકાગો
૪૨. સુરેખા સંઘવી, ડેટન, OH
૪૩. વસંત શાહ, શિકાગો
૪૪. દર્શના પ્રદીપ શાહ, શિકાગો
૪૫. રંજન પ્રવીણ શાહ, સિનસિનાટી
૪૬. હિતેન કામદાર, સિંગાપુર
૪૭. કીર્તિદા ભરત મેકાની, સિંગાપુર
૪૮. ગૌરવ કાપડિયા,વેંકુવર,કેનેડા
૪૯. પ્રીતિ લાલજી બક્સી, મેમફિસ, ટેનેસી
૫૦. અરૂણા પ્રદીપ શાહ, લંડન
૫૧. નિશા યોગેશ જાની, શિકાગો
૫૨ મનીષા હિરેન શાહ, શિકાગો
૫૩. કાંતિલાલ શેઠ પરિવાર, મલેશિયા
૫૪. રાજુભાઈ શેઠ, વિચિતા, કેન્સાસ
૫૫ વિનુભાઈ મહેતા, મલેશિયા
૫૬. ગુજરાતી જૈન સમાજ, મલેશિયા
૫૭. નગીનભાઈ દોશી, સિંગાપુર
૫૮. અશ્વિન દેસાઈ, સિંગાપુર
૫૯. સ્મિતા શાહ, સિંગાપુર



# વેકેશન વિશેષ

## મારા પપ્પા ને કહો મારી સાથે વેકેશન ગાળે

– સમણ શ્રુતપ્રજ્ઞજી

એક બાળકને મે પૂછ્યું, બેટા, આ વખતે શું કરીશ વેકેશનમાં? બાળકે હતાશાથી જવાબ આપ્યો, સમય પાસ કરીશ, કંટાળીશ, ઊર્જાહિન થઈશ અને ફરી સ્કૂલે આવીશ.

મેં પૂછ્યું, કેમ આવી નેગેટિવ વાતો કરે છે, વેકેશનને તો મન ભરીને માણવું જોઈએ? મને કે એ મારા મમ્મી પપ્પા ને સમજાવો. મેં પૂછ્યું, કેમ એમને સમજાવું?

તો કે એમના વગર અમે વેકેશન કેવી રીતે માણી શકીએ? એમને તો એમના કામ સિવાય સમય જ નથી હોતો અમારી સાથે રહેવાનો. મમ્મી પપ્પા પણ અમારી સાથે અમારા માટે સમય કાઢી શકે તો વેકેશન માણવાનો આનંદ આવે, બાકી આ પણ એક રૂટિનનો ભાગ છે. ઘણીવાર તો ચાલુ દિવસો કરતા વેકેશન વધુ કંટાળા જનક બની જાય છે.

ખરેખર માબાપે સમજવું જોઈએ અને બાળકોના આ સારા દિવસો માટે પોતે પણ વેકેશન લેવું જોઈએ અને નીચે આપેલા કેટલાક સૂચનો ફોલો કરવા જોઈએઃ

૧. બાળકોને જે પ્રવૃત્તિ ખૂબ ગમે છે, જેનો એને શોખ છે, તેને પ્રોત્સાહન આપો, તમે પણ બાળકો સાથે ઈન્વોલ્વ થાઓ, નાના મોટા એ કામને દિલથી કરો.

૨. બાળકો સાથે જ્ઞાનવર્ધક સારી અને ખુલ્લી જગ્યાએ લઈ જાઓ અને એને મન ભરીને જ્ઞાનવર્ધક કરવા દો.

૩. સજ્જન, સાત્વિક અને શ્રેષ્ઠ પુરુષોને મળાવો, એમના અનુભવો બાળકોને ઉપયોગી થશે.

૪. કોઈક સારી શિબિરમાં ત્રણેક દિવસ મૂકો જેથી નવું શીખી શકે.

૫. પરિવારમાં બાળકો સાથે સંવાદનું વાતાવરણ બનાવો, બાળકોને અભિવ્યક્ત થવાનો મોકો આપો, એમની વાતો ધ્યાનથી સાંભળો, એમને બઉ સલાહ આપવાની જરૂર નથી, વાત વાતમાં તમારા અનુભવો એના સુધી પહોચાડો, જેટલા દિવસ અને રાત અનુકૂળ હોય એટલા તમારા બાળકો સાથે જ પ્રેમથી ગાળો, બાળકો સાથે સૂઓ, ઉઠો, હરો, ફરો.

૬. થોડાક દિવસ બાળકોને પોતાનાથી દૂર એકલા રેઢા મૂકી દેવાનું સાહસ કરો, આમાંથી બાળક ઘણું શીખશે.

૭. સ્વજનો સાથે અને પ્રકૃતિ સાથે સમય ગાળતા શીખવો, સંબંધ શું છે અને કુદરત શું છે, એનું મહત્ત્વ એને સ્વતઃ સમજાશે.

૮. બાળકને કોઈ જાતનું પ્રેશર ન કરો, બસ, એ સારું અને શ્રેષ્ઠ કરવા પ્રેરાય એ મહત્ત્વનું છે.

૯. થોડોક સમય એ ધ્યાન યોગ સ્વાધ્યાય કરી શકે એવો પણ પરિવારમાં માહોલ ઉભો કરો. રિલેક્સ(આરામ), રીફ્રેશ(ઊર્જાવાન) અને રિજોઈસ (પ્રસન્ન) થવાનો વેકેશન સુંદર અવસર છે. બેસ્ટ ઓફ હેપીનેસ...

# Saman Shrutpragyaji London - Denmark - USA & Canada Trip 2022

| No. | City | From | Day | To | Day2 | Contact Name |
|---|---|---|---|---|---|---|
| 1 | London,UK | 16-Jun | THU | 21-Jun | TUE | Graham Dwyer |
| 2 | Denmark | 22-Jun | WED | 28-Jun | TUE | Ashish Sanghavi |
| 3 | Chicago,IL | 29-Jun | WED | 1-Jul | FRI | Atul Shah |
| 4 | Dallas, TX | 2-Jul | SAT | 4-Jul | MON | Aayush |
| 5 | Dumas, TX | 5-Jul | TUE | 6-Jul | WED | Praful Bhakta |
| 6 | Austin, TX | 7-Jul | THU | 9-Jul | Sat | Shashi Jain |
| 7 | Houston, TX | 10-Jul | Sun | 11-Jul | Mon | Nitin Mehta |
| 8 | Tulsa, OK | 12-Jul | TUE | 13-Jul | Wed | Kanti Shah |
| 9 | Chicago,IL | 12-Jul | Tue | 19-Jul | Wed | Bina Shah |
| 10 | Cincinnati | 20-Jul | Wed | 23-Jul | Sat | Ashwin Parekh |
| 11 | Toronto | 23-Jul | Sat | 24-Jul | Sun | Lalit Pansar |
| 12 | Vancouver | 24-Jul | Sun | 30-Jul | Sat | Mahendra Mehta |
| 13 | Fremont,CA | 31-Jul | Sun | 2-Aug | Tue | Neeta Daulat |
| 14 | Las Vegas | 3-Aug | Wed | 7-Aug | Sun | Avni Shah |
| 15 | Denver,CO | 8-Aug | Mon | 10-Aug | Wed | Dhiraj Soni |
| 16 | Memphis,TN | 11-Aug | THU | 14-Aug | Sun | Chanchala Mehta |
| 17 | Raleigh,NC | 15-Aug | Mon | 16-Aug | Tue | Ramnik Zota |
| 18 | Charlotte,SC | 17-Aug | Wed | 17-Aug | Wed | Madhu Palvia |
| 19 | Greenville | 18-Aug | Thu | 20-Aug | Sat | Surendra Jain |
| 20 | Atlanta,GA | 21-Aug | SUN | 22-Aug | Mon | Kaushik Desai |
| 21 | Chicago,IL | 23-Aug | Tue | 1-Sep | Thu | Atul Shah |
| 22 | Panama,FL | 2-Sep | Fri | 4-Sep | Sun | Jayesh Patel |
| 24 | New Jersey | 5-Sep | Mon | 7-Sep | WED | Varsha Bhavsar |
| 25 | Maryland | 8-Sep | Thu | 10-Sep | Sat | Subhash Choxi |
| 26 | Chicago,IL | 11-Sep | SUN | 18-Sep | Sun | Atul Shah |
| 27 | London,UK | 19-Sep | Mon | 8-Oct | Sun | Graham Dwyer |
| 28 | India | 9-Oct | | | | Rakot |

The Peace of mind rajkot online resources on YouTube® with Saman Shrutpragyaji's satsangs in English as well as in Gujarati. Please subscribe by visiting link bellow and get tremendous benifit of it. link is : https://bit.ly/2Iho0dN

You can equally physically, mentally and spiritually gain enrichment from Samanji's exiting blogs (in Gujarati and English) https://www.pomyc.org/blogs

YouTube